શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Golden Health Check-up (ગોલ્ડન હેલ્થ ચેકઅપ)
Rs. 7200/- Rs. 2500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- કીડની તપાસ Urea, Creatinine, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- કોલેસ્ટ્રોલ તપાસ (Cholesterol, Triglyceride), HDL, LDL, V.L.D.L. Total Lipid Profile
- લીવર તપાસ SGPT, SGOT, Bilirubin, ALP, Protein ■ સુગર તપાસ (Diabetes) FBS, PPBS, GHB
- ન્યુટ્રીશ્યન તપાસ Vita B12, Vita D3 ■ થાઈરોઈડ તપાસ T3 T4 TSH ■ દાંતની તપાસ
- હૃદયની તપાસ ECG ■ છાતીની તપાસ Chest X-Ray ■ સંધિવા તપાસ RA Test
- યુરિન ચેકઅપ ■ એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેક્શનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાળા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
- DTRT
- ઉપનાહ સ્વેદન
- લેપન
- વેધાગ્નિકર્મ
- પંચકર્મ
- EKLપંચકર્મ
- પટ્ટબંધન
- અગ્નિકર્મ
- ક્ષારકર્મ
- વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ અગિયારસ રવિવાર ૯ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૬ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


# રશિયન ક્રૂડ ખરીદનારા દેશો પર ૧૦૦% ટેરિફ બિલ પસાર




**રશિયન** ઓઇલ ખરીદનારા દેશોને સજા કરવા માટે આ ટેરિફ લાદવાની આ ખરડામાં જોગવાઇ છે, ભારત-ચીન પર ૧૦૦% ટેરિફનો ખતરો

**બંને** પક્ષોનું સમર્થન મળતા સેનેટમાં જંગી બહુમતિથી પસાર, ૩૧ ઓગસ્ટે 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ'માં અંતિમ મંજૂરી બાદ બનશે કાયદો

**વોશિંગ્ટન, તા. 8 (PTI):** અમેરિકી સેનેટે રશિયા અને તેના પેટ્રોલિયમ ઉત્પાદનોના મુખ્ય ખરીદદારો જેમ કે ચીન અને ભારતને સજા આપવા માટેના એક બિલને ભારે બહુમતીથી મંજૂરી આપી દીધી છે. સેનેટે દાવો કર્યો છે કે આ પ્રકારનો વેપાર યુક્રેન યુદ્ધને વેગ આપવામાં મદદ કરે છે.

'લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્કશનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬' તરીકે નવું નામ મેળવનાર આ બિલને અમેરિકી સંસદના ગૃહ સેનેટમાં ૮૬ વિરુદ્ધ ૧૧ મતોથી મંજૂરી આપવામાં આવી હતી. આ બિલ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તે દેશોની ચીજવસ્તુઓ પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની સત્તા આપે છે જે દેશો રશિયન તેલ અને ગેસના ટોચના પાંચ આયાતકારોમાં સામેલ છે. હાલમાં ચીન, ભારત, અઝારબૈજાન, હંગેરી અને સ્લોવાકિયા રશિયા પાસેથી તેલ અને ગેસની આયાત કરતા ટોચના પાંચ દેશો છે. રશિયા પરના પ્રતિબંધો ઉપરાંત, આ બિલ ઈરાન સેન્કશન એક્ટ ઓફ

...અનુસંધાન પાના 11 પર



■ મેરઠમાં કાવડ યાત્રા દરમિયાન ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કાવડીયાઓ પર પુષ્પવર્ષા કરીને તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે તેમણે કાવડ યાત્રાને સામાજિક અને રાષ્ટ્રીય એકતાનું ઉત્તમ ઉદાહરણ ગણાવી હતી.

# USમાં H-1B વિઝા ધારકો પર સંકટ




**૬૦ દિવસનો** ગ્રેસ પિરિયડ નાબૂદ કરવાની દરખાસ્ત પર સમીક્ષા

**નોકરી** છૂટતાં જ તાત્કાલિક અમેરિકા છોડવું પડી શકે; પર લાખ ભારતીય-અમેરિકનો અને વિદેશી કામદારોની ચિંતા વધી

**વોશિંગ્ટન, તા. 8 (PTI):** અમેરિકા નોકરી ગુમાવ્યા બાદ વિદેશી કામદારોને નવી નોકરી શોધવા માટે મળતી 60 દિવસનો ગ્રેસ પિરિયડ નાબૂદ કરવાની દરખાસ્તની સમીક્ષા કરી રહ્યું છે. આ એક એવું પગલું છે જે તેમને તાત્કાલિક દેશ છોડવા માટે મજબૂર કરી શકે છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી(DHS) તરફથી મળેલી એક દરખાસ્ત હાલમાં ફેડરલ ઓફિસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટ (OMB)ની વેબસાઇટ અનુસાર સમીક્ષા હેઠળ છે. જો આ સૂચિત નિયમ આખરી ઓપ લેશે, તો તે ચોક્કસ મુખ્ય નોન-ઇમિગ્રન્ટ્સ અને તેમના આશ્રિતોને મળતો 60 દિવસનો ગ્રેસ

...અનુસંધાન પાના 11 પર

## ખરાબ હવામાનના કારણે જમ્મુથી અમરનાથ યાત્રા સ્થગિત

**જમ્મુ, તા. 8 (PTI):** અધિકારીઓએ જણાવ્યું કે, ખરાબ હવામાન, આગામી થોડા દિવસોમાં ભારે વરસાદની આગાહી અને શ્રદ્ધાળુઓની આવકમાં ઘટાડા વચ્ચે શનિવારે જમ્મુથી અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આજે સવારે ભગવતી નગર બેઝ કેમ્પથી કાશ્મીર ખીણ માટે શ્રદ્ધાળુઓની કોઈ નવી બેચને જવાની મંજૂરી આપવામાં આવી ન હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને હવામાન તેમ જ કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડતા એકમાત્ર ઓલ-વેધર માર્ગ એવા જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગની સ્થિતિના આધારે શ્રદ્ધાળુઓની અવરજવરની સમીક્ષા કરશે. 3 જુલાઈથી યાત્રા શરૂ થયા પછી કાશ્મીર હિમાલયમાં 3,880 મીટરની ઊંચાઈએ આવેલા અમરનાથના પવિત્ર ગુફા ધામના અત્યાર સુધીમાં 4.75 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છે. 57 દિવસની આ તીર્થયાત્રા 28 ઓગસ્ટે રક્ષાબંધનના દિવસે પૂર્ણ થવાની ધારણા છે. સ્થાનિક હવામાન વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી એડવાઈઝરી મુજબ, 11 ઓગસ્ટ સુધી જમ્મુ ક્ષેત્રમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે, જેમાં અચાનક પૂર અને ભૂસ્ખલનની શક્યતા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, શનિવારે વહેલી સવારે હળવાથી મધ્યમ વરસાદ છતાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનવ્યવહાર સુચારૂ રીતે ચાલુ હતો.

### તા. ૦૮-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૦૦.૦૦ મીમી | ૫૩૩ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૩.૪ સે. | ૨૭.૮ સે. | ૭૩% |

# મહિલા અનામત, ફેરસીમાંકનને શિરોમણી અકાલી દળનો ટેકો

**પક્ષના** વડા સુખબીર બાદલ સાથે વડાપ્રધાન મોદીની મુલાકાતના બીજા દિવસે આ ટેકો જાહેર કર્યો

**તમામ** રાજ્યોને સમાન પ્રતિનિધિત્વ મળે તેવા મતવિસ્તાર ફેરસીમાંકનની હિમાયત કરી, ભાજપ-અકાલી દળના ગઠબંધનની અટકળો



**ચંદીગઢ, તા. 8:** મહિલા અનામત ખરડા અને સૂચિત ફેરસીમાંકન કવાયતને ભાજપના ભૂતપૂર્વ સાથી પક્ષ શિરોમણી અકાલી દળ દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો છે. આ પક્ષના પ્રમુખ સુખબીર સિંઘ બાદલ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત યોજાઇ તેના એક દિવસ પછી આજે અકાલી નેતાએ આ ટેકો જાહેર કર્યો હતો.

ચંદીગઢમાં તેમના નિવાસસ્થાને પક્ષના વરિષ્ઠ નેતાઓની બેઠક બાદ, બાદલે જણાવ્યું હતું કે મહિલા અનામત બિલનો વિલંબ કર્યા વિના અમલ થવો જોઈએ અને મહિલાઓને ધારાસભાઓમાં વહેલી તકે તેમનું પ્રતિનિધિત્વ મળવું જોઈએ. શિરોમણી અકાલી દળ (SAD) ના વરિષ્ઠ નેતાઓની બેઠકની અધ્યક્ષતા કરનારા બાદલે, તમામ રાજ્યોને સમાન પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરે તેવા ન્યાયી અને સમાનતાયુક્ત મતવિસ્તારોના ફેરસીમાંકનની તરફેણ કરી હતી. બાદલે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, શિરોમણી અકાલી દળ શીખ ગુરુઓના ઉપદેશોમાંથી પ્રેરણા લે છે, જેમણે મહિલાઓના ગૌરવ, સમાનતા અને સમાન અધિકારોની હિમાયત કરી હતી.

તેમણે ઉમેર્યું હતું કે શિરોમણી

...અનુસંધાન પાના 11 પર

# UPI યુઝરોને કોઇ ચાર્જ નહીં લાગે: સરકારની સ્પષ્ટતા

**નાના** વેપારીઓને પણ યુપીઆઇ વ્યવહારો માટે કોઇ ફી લાગુ પડશે નહીં

**માત્ર** અમુક હદથી મોટા યુપીઆઇ વ્યહારો પર જ નજીવો MDR લાગુ પડી શકશે

**મોટા** ભાગના વ્યવહારો મફત રહેવાની સરકારે ખાતરી આપી




**નવી દિલ્હી, તા. 8 (PTI):** પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭માં સુધારો કરવા માટેના બિલને મંજૂરી મળ્યા બાદ, UPI વ્યવહારો પર ચાર્જ વસૂલવામાં આવશે તેવી આશંકાઓને દૂર કરતા સરકારે શનિવારે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ગ્રાહકો અને નાના વેપારીઓ માટે યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) સેવાઓ મફત ચાલુ રહેશે.

જો કે, જ્યારે પણ ચાર્જ લાગુ કરવામાં આવશે, ત્યારે વેપારીઓ માટે નજીવો મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ(MDR) લાગુ થશે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તે માત્ર મર્યાદિત સંખ્યામાં વેપારી વ્યવહારો પર, એક ચોક્કસ મર્યાદાથી વધુની રકમ પર, નજીવા દરે લાગુ થશે, જે ડેબિટ કે ક્રેડિટ કાર્ડના MDR કરતાં ઘણો ઓછો હશે. લોકસભા દ્વારા પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭માં સુધારો કરવા માટેનું બિલ પસાર કર્યાના બે દિવસ બાદ આ નિવેદન આવ્યું છે. આ સુધારો સરકારને બેંકો અને અન્ય સર્વિસ પ્રોવાઈડર્સને UPI અને અન્ય સૂચિત ઈલેક્ટ્રોનિક પેમેન્ટ મોડ્સ દ્વારા થતી ચૂકવણીઓ પર ચાર્જ વસૂલવાની મંજૂરી આપવાની સત્તા આપે છે. નિવેદનમાં જણાવાયું છે કે, એકવાર સંસદ ટેક્સેશન એન્ડ અધર લોઝ (અમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ પસાર કરી દે, જે પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭ની કલમ ૧૦Aમાં સુધારો

...અનુસંધાન પાના 11 પર

### બાહ્ય દબાણ હોવાની અટકળો સરકારે ફગાવી

આ નીતિ ફેરફારો પાછળ બાહ્ય પરિબળો કામ કરી રહ્યા હોઈ શકે તેવી વાતો અંગેની ચિંતાઓને ફગાવી દેતા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ પાયાવિહોણું, તદ્દન ખોટું અને ગેરમાર્ગે દોરનારું છે. જો બાહ્ય દબાણ કોઈ પરિબળ હોત, તો સરકારે ૨૦૧૬માં UPI રજૂ ન કર્યું હોત અથવા જાન્યુઆરી ૨૦૨૦થી વેપારીઓ તેમજ નાગરિકો બંને માટે તેને મફત રાખ્યું ન હોત.

# છ મહિનામાં કેનેડાએ વિક્રમી ૩૩૨૩ ભારતીયોની હકાલપટ્ટી કરી

**ઓટાવા, 8 (PTI):** સત્તાવાર આંકડાઓ અનુસાર, કેનેડાએ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ૩,૩૨૩ ભારતીય નાગરિકોને દેશનિકાલ કર્યા છે, જે આંકડો છેલ્લા છ વર્ષનો રેકોર્ડ તોડવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સી (CBSA)ના ડેટા અનુસાર, આ વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં આ ઉત્તર અમેરિકા ખંડના દેશમાંથી હાંકી કાઢવામાં આવેલા ભારતીયોની સંખ્યા ૨૦૨૫ના સમગ્ર વર્ષ દરમિયાન હાંકી કાઢવામાં આવેલા ૩,૭૭૯ નાગરિકોના લગભગ ૮૮ ટકા જેટલી છે, જે પોતે એક



રેકોર્ડ સ્તર હતું. આ ડેટા એવા સમયે સામે આવ્યો છે જ્યારે કેનેડા તેની ઇમિગ્રેશન સિસ્ટમને કડક બનાવી રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમજ હંગામી વિદેશી કામદારો સહિતના અસ્થાયી રહેવાસીઓની સંખ્યામાં ઘટાડો કરી રહ્યું છે.

કેનેડા સામાન્ય રીતે ઇમિગ્રેશન નિયમોનું પાલન ન કરવા બદલ, આશ્રય અથવા શરણાર્થીના દાવા ફગાવી દઇને, વિઝાની મુદત પૂરી થયા પછી પણ રોકાઈ રહેવા બદલ અને વિઝા ફ્રોડ કૌભાંડોને કારણે ભારતીય નાગરિકોને દેશનિકાલ કરે છે. ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં કેનેડામાંથી હાંકી કાઢવામાં આવેલા લોકોમાં ભારતીયો કોઇ એક દેશના નાગરિકો તરીકે સૌથી મોટી સંખ્યા તરીકે ઉભરી આવ્યા છે, જે તેમણે ૧,૫૭૩ હકાલપટ્ટી સાથેના મેક્સિકન નાગરિકોને પાછળ છોડી દીધા છે. છેલ્લા પાંચ વર્ષમાં કેનેડાના દેશનિકાલના લિસ્ટમાં મેક્સિકો ટોચ પર હતું, જ્યારે

...અનુસંધાન પાના 11 પર

# PoKમાં દમનના મામલે UNએ પાકિસ્તાનની ટીકા કરી

**શાંતિપૂર્ણ** પ્રદર્શનકારીઓ સામે હિંસક કાર્યવાહીના મામલે જવાબદારી નક્કી કરવા પર ભાર મૂક્યો, નિષ્પક્ષ તપાસની હાકલ

**યુનાઈટેડ નેશન્સ, તા. 8 (PTI):** પાકિસ્તાન હસ્તકના કાશ્મીર(PoK)માં સુરક્ષાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા સંયુક્ત રાષ્ટ્ર (UN)ના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તાએ શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા લોકો સામેની હિંસક કાર્યવાહી માટે જવાબદારી નક્કી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

પાકિસ્તાન હસ્તકના કાશ્મીર ક્ષેત્રમાં ૧૨ વિવાદાસ્પદ શરણાર્થી બેઠકોને લઈને છેલ્લા કેટલાક મહિનાઓથી વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, જેના કારણે સુરક્ષા દળો દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. વ્યાપક ગરબડો અને ગોટાળાના આરોપો વચ્ચે ગયા મહિનાના અંતમાં આ પ્રદેશમાં કહેવાતી વિધાનસભાની ચૂંટણીઓ શરૂ થતાં પ્રદર્શનો વધુ ઉગ્ર બન્યા હતા. વિવિધ કાર્યકર્તા જૂથોના સંગઠન 'જોઈન્ટ અવામી એક્શન કમિટી'(JAAC)ના જણાવ્યા અનુસાર, ૨૭ જુલાઈના રોજ યોજાયેલા મતદાનના પ્રથમ તબક્કા દરમિયાન ૪૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. આ ઉપરાંત, તેવો દાવો છે કે જૂનના પ્રથમ સપ્તાહથી અત્યાર સુધીમાં અંદાજે ૪૦૦ પ્રદર્શનકારીઓ માર્યા ગયા છે. પાકિસ્તાન સરકાર દ્વારા આ બંને દાવાઓને ફગાવી દેવામાં આવ્યા છે.

મહાસચિવના નાયબ પ્રવક્તા ફરહાન હકે શુક્રવારે અહીં પીટીઆઈના એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, મહાસચિવ તેમના હાઈ કમિશનરના કાર્યને સમર્થન આપે છે, અને અમે ચોક્કસપણે આશા રાખીએ છીએ કે તુર્ક દ્વારા કરવામાં આવેલી અપીલ પર ધ્યાન આપવામાં આવશે. માનવાધિકાર માટેના યુએન હાઈ કમિશનર વોલ્કર તુર્કે ૧૭ જુલાઈએ PoKમાં તાજેતરના પ્રવાહો અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને પ્રદર્શનકારીઓના મોતના મામલે ,પાકિસ્તાન દ્વારા JAAC

...અનુસંધાન પાના 11 પર